# ગુજરાત વિધાનસભા

## બજેટ સ્પિચ

### વર્ષ ૨૦૨૪–૨૫ની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચા

## શ્રી મુળુભાઈ બેરા

### માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ, પ્રવાસન અને ક્લાઈમેટ ચેન્જ વિભાગ

### તા.૨૭/૦૨/૨૦૨૪, મંગળવાર

## માનનીય મંત્રીશ્રી, વન અને પર્યાવરણ, ગુજરાત રાજ્ય

### સને ૨૦૨૪–૨૫નું અંદાજપત્ર પ્રવચન

**માનનીય અધ્યક્ષશ્રી,**

સંસ્કૃતિ, સંપદા અને સફરનો સમન્વય લઈને હું આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગ દર્શન અને માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળ આજે હું મારા હસ્તકના વન અને પર્યાવરણ, પ્રવાસન અને ક્લાઈમેટ ચેન્જ વિભાગની માંગણીઓ આ ગૃહ સમક્ષ રજુ કરૂ છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- આપણી સંસ્કૃતિ વૃક્ષો અને વનોની સંભાળ અને વૃદ્ધિ તથા તેની ઉપયોગીતાની સાથે ભક્તિ અને સુંદરતાની દ્રષ્ટીએ પૂજન–અર્ચન અને રક્ષણ કરવાની પ્રેરણા આપે છે.
- આપણું રાજય જૈવ વિવિધતાની દ્રષ્ટીએ સમૃધ્ધ છે. રાજયમાં ૩૭૮ (ત્રણસો ઈઠ્યોતેર) ચો.કી.મી. ખુબ ગાઢ વન, **૫૦૩૨(પાંચ હજાર બત્રીસ)** ચો.કી.મી. મધ્યમ ગાઢ વન, **૯૫૧૬(નવ હજાર પાંચસો સોળ)** ચો.કી.મી. ખુલ્લા વન તેમજ **૫૪૮૯ (પાંચ હજાર ચારસો નેવ્યાંશી)** ચો.કી.મી. વૃક્ષાવરણથી વન વિસ્તાર વિસ્તરેલ છે. તેમજ રાજ્યમાં **૨૪ (ચોવીસ)** અભ્યારણ્યો, **૪ (ચાર)** રાષ્ટ્રીય ઉદ્યાનો તથા **૧ (એક)** કન્ઝર્વેશન રીઝર્વ આવેલ છે.
- માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા પર્યાવરણનું સંરક્ષણ, સંવર્ધન અને જતન સાથે દેશમાં વૃક્ષાવરણ વધારવા માટે ખેડૂતોને આર્થિક લાભ મળે તે ધ્યાને લઈ ગ્રીન ક્રેડિટ પહેલના લોન્ચિંગ સાથે **2070 (બે હજાર સિત્તેર)** સુધીમાં નેટ ઝીરો હાંસલ કરવા કટીબદ્ધતા દર્શાવી છે.
- વધુમાં માનનીય પ્રધાનમંત્રીશ્રીની અધ્યક્ષતા હેઠળ થયેલ G-20 ની બેઠકમાં સંકલિત વિકાસ સાથે પર્યાવરણીય સંતુલિત વિકાસના ભાગરૂપે

Mission-LiFE (મિશન લાઇફ)ના માધ્યમથી સાતત્યપૂર્ણ જીવન શૈલીને પ્રોત્સાહન આપવા **3-R** સિધ્ધાંતો-**રીડ્યુસ, રીયુઝ અને રિસાઇકલ** પર ભાર આપેલ છે.

- રાજય સરકાર પર્યાવરણની જાળવણી અને તેના અવિભાજ્ય અંગ એવા જૈવ વિવિધતા, વૃક્ષો, વન્યજીવો તેમજ તેની ઇકો-સિસ્ટમના વિકાસ અને જાળવણી ક્ષેત્રે સતત પ્રયત્નશીલ છે. વન અને પર્યાવરણ વિભાગની આ તમામ પ્રવૃત્તિઓને પૂર્ણ કરવા માટે માનનીય **મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને માનનીય નાણાંમંત્રીશ્રી કનુભાઇ પટેલ સાહેબે** વન અને પર્યાવરણ વિભાગની જોગવાઈમાં માતબર વધારો કરી **સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે રૂા.૨૫૮૬.૧૩ (બે હજાર પાંચસો છ્યાંશી) કરોડની** જોગવાઇ કરેલ છે.
- તે પૈકી સામાન્ય સદરે **રૂા.૨૦૯૭.૨૭ (બે હજાર સત્તાણુ)કરોડ**, આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટે **રૂા.૪૩૦.૫૭(ચારસો ત્રીસ) કરોડ** અને ખાસ અંગભૂત પેટા યોજના હેઠળ **રૂા.૫૮.૨૯(અઠાવન) કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ હેઠળ **રૂા.૫૨.૧૪(બાવન) કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- વન અને પર્યાવરણ વિભાગની કુલ જોગવાઇ પૈકી માંગણી ક્રમાંક : ૨૬ અને ૨૭ ને આ સન્માનીય ગૃહ સમક્ષ રજુ કરૂ છુ.

**માન.અધ્યક્ષશ્રી,**

- વન્યપ્રાણી સંરક્ષણ હેતુથી તમામ રક્ષિત વિસ્તારની જાળવણી, જંગલ સફારીનું નિર્માણ, લુપ્ત થતી પ્રજાતિઓને યોગ્ય રક્ષણ, માનવ-વન્યપ્રાણી ઘર્ષણ ઘટાડવા, જનજાગૃતિ માટે શિબિરોનું આયોજન અને

જળ પ્લાવિત વિસ્તારનું સંરક્ષણ તેમજ ઈકો–ટુરીઝમને વેગ આપવા સરકાર કટીબધ્ધ છે.

- બૃહદ ગીર વિસ્તારમાં સિંહના લાંબા ગાળાના સંરક્ષણ અને સંવર્ધન માટે **પ્રોજેક્ટ લાયન–"લાયન @ 2047: વિઝન ફોર અમૃતકાળ"** અમલમાં છે. વન્ય પ્રાણી સંરક્ષણ અને સંવર્ધન માટે **કુલ રૂ.૨૯૫.૩૯(બસો પંચાણુ) કરોડની માતબર રકમની જોગવાઇ** કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- મને જણાવતાં આનંદ થાય છે કે, માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબની દીર્ઘ દ્રષ્ટીથી **દેશમાં લુપ્ત થયેલ ચિત્તાની પ્રજાતિને રાજ્યના કચ્છ જિલ્લાના બન્ની વિસ્તારના ઘાસીયા અને ખુલ્લા મેદાનમાં બ્રીડીંગ સેન્ટર સ્થાપવાનો** મહત્વનો નિર્ણય લીધેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- વ્હેલશાર્કના સંરક્ષણ અને સંવર્ધન માટે જાળમાં ફસાયેલ વ્હેલશાર્કને મુક્ત કરવાથી સાગર ખેડુઓની જાળને થતી નુકશાનીના વળતર સ્વરૂપે અપાતી રકમને માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા બમણી કરી **રૂ.૫૦,૦૦૦/–** કરવાનો નિર્ણય કરેલ છે.
- વન્યપ્રાણી સંરક્ષણની પ્રવૃતિના કારણે ગુજરાતનું ગૌરવ એવા એશિયાઇ સિંહોએ બરડા વિસ્તારમાં વૈકલ્પિક રહેઠાણ મેળવ્યું છે, જે ભવિષ્યમાં સ્થાનિક વિસ્તારના વિકાસ, પ્રવાસન અને રોજગારીની તકો ઉભી કરશે.
- ગીર જંગલ સફારી અને આંબરડી સફારી પાર્કમાં પર્યટકોની સંખ્યામાં વધારો ધ્યાને લઈને લોક સહકારથી નવા વાહનો વસાવવામાં આવેલ છે.
- માન.મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનથી **જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના પ્રેમપુરા વિસ્તારને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ –૧૯૭૨**

**હેઠળ અભ્યારણ્ય** જાહેર કરવામાં આવેલ છે. જે જૈવિક વિવિધતા અને વન્યપ્રાણી સંરક્ષણ માટે રાજય સરકારની કટીબધ્ધતા દર્શાવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- વનોનું સંવર્ધન, સંરક્ષણ અને વ્યવસ્થાપન થકી વન અને વન બહારના વિસ્તારમાં ચાલુ વર્ષે **૮૦,૬૪૫ (એંશી હજાર છસો પિસ્તાલીસ)** હેક્ટરમાં વાવેતર કરવાનું આયોજન છે. જે ગત વર્ષની સરખામણીમાં **૨૪ ટકા** જેટલો થયેલ છે.
- ખેડૂતોની આજીવિકામાં વૃદ્ધિ અને લાકડાની જરૂરિયાત પૂરી પાડવા રાજય સરકાર દ્વારા એગ્રો ફોરેસ્ટ્રી યોજના હેઠળ ગત વર્ષ કરતા બમણું કરીને **૩૧,૦૦૦ (એકત્રીસ હજાર)** હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવાનું આયોજન છે.
- વૃક્ષારોપણના સતત પ્રયાસોથી છેલ્લા બે દાયકામાં વન વિસ્તાર બહાર વૃક્ષોની સંખ્યાઓમાં **૫૮.૩૬ ટકા**નો વધારો નોંધાયેલ છે.
- હરિત વસુંધરા યોજના થકી વન-કવચ, પવિત્ર-ઉપવન, લુપ્ત થતી પ્રજાતિઓનું વાવેતર, સરકારી પડતર જમીન ઉપર વાવેતર થકી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરેલ છે. તેમજ ટેકનોલોજીનો ઉપયોગ કરી આછા વન વિસ્તારમાં ડ્રોનના માધ્યમથી સીડ બોલનો છંટકાવ કરીને વનોને સમૃધ્ધ કરવાના પ્રયાસો હાથ ધરેલ છે.
- માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૪ થી લોકોને પરંપરાગત વિશ્વાસ અને શ્રદ્ધાથી જોડવાની એક અનોખી પહેલના ભાગરૂપે વન મહોત્વસ દરમ્યાન સાંસ્કૃતિક વનનું નિર્માણ કરવાનું શરૂ કરવામાં આવેલ. જે પહેલને આગળ વધારતા અત્યાર સુધી ૨૨ સાંસ્કૃતિક વનોનું નિર્માણ

થઇ ચુક્યુ છે. જ્યારે ૨૩મું સાંસ્કૃતિક વન **"હરસિદ્ધિ વન"** દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સાકાર થઈ રહેલ છે.

- **અર્બન ફૉરેસ્ટ હેઠળ** શહેરી વિસ્તાર તથા આસપાસના ગ્રામ પંચાયત, પવિત્ર યાત્રાધામ અને અન્ય પ્રવાસન વિસ્તારમાં સુશોભિત રોપાઓનું વાવેતર, ફળાઉ રોપ ઉછેર અને વિતરણ, પંચવટી કેન્દ્રની સ્થાપના થઈ રહી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- વિભાગ દ્વારા વાંસ સુધારણાની કામગીરીથી સ્થાનિક વનબંધુઓના ઉપયોગ માટે **એક કરોડથી** વધુ વાંસને વિના મુલ્યે વિતરણ કરવામાં આવેલ, જે ઐતિહાસિક ઉપલબ્ધી છે.
- રાજય સરકારના પ્રયાસો થકી વીડીઓમાં ઘાસના ઉત્પાદનમાં મબલખ વધારો થયેલ છે. આજની પરિસ્થિતિએ રાજ્યમાં ઘાસનો પૂરતો જથ્થો ગોડાઉનમાં સંગ્રહ કરેલ છે જે કોઈપણ વિપરીત પરિસ્થિતિઓમાં પહોંચી વળવા માટે પુરતો છે. **તે સિવાય વીડીઓમાંથી ઘાસ સ્થાનિક ગામ લોકોને વિના મુલ્યે કાપી લઇ જવાની પણ છુટ આપવામાં આવેલ છે**.
- આમ વન સંરક્ષણ અને સંવર્ધન હેઠળ **રૂ.૪૯૩.૬૭(ચારસો ત્રાણું) કરોડ** તેમજ સામાજીક વનીકરણ હેઠળ **રૂ.૪૮૮.૨૦(ચારસો અઠાસી) કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- માનનીય વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટીથી સમગ્ર દેશમાં ચેરના વનોના સંવર્ધન માટે **"મિષ્ટી કાર્યક્રમ"** અમલમાં મુકેલ છે. જેના ભાગરૂપે રાજયમાં ગત વર્ષે **૬૮૦૦(છ હજાર આઠસો)** હેકટર વિસ્તાર આવરી લેવાયેલ છે. જેમાં અતિ સંવેદનશીલ દુર્ગમ **સરક્રીક, કોરીક્રીક અને કોટેશ્વર વિસ્તારમાં સૌપ્રથમ વખત ૧૦૦૦(એક હજાર) હેકટરમાં ચેરનું**

**વાવેતર કરવામાં** આવેલ છે. ચાલુ વર્ષે રાજ્યમાં **૧૦,૦૦૦(દસ હજાર)** હેક્ટર વિસ્તારમાં ચેરનું વાવેતર કરવાનું આયોજન છે.

- વન સંરક્ષણ ધારા–૧૯૮૦ના અમલીકરણ મુજબ જંગલ જમીનની બિન જંગલ વપરાશના કારણે યુઝર એજન્સી પાસે મળેલ રકમમાંથી વળતર વનીકરણ તથા વન વિકાસની કામગીરીઓ માટે **રૂ.૨૯૩.૯૦(બસો ચોરાણું) કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**‘‘જાપાન ઈન્ટરનેશનલ કો–ઓપરેટીવ એજન્સી’’** સાથે રહીને **પ્રોજેક્ટ –PERG(પર્જ–પી.ઈ.આર.જી)ની** કામગીરી કરવા માટે **રૂ.૧૫૩.૪૭ (એક સો ત્રેપન) કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

સને ૨૦૨૪–૨૫માં વન અને પર્યાવરણ વિભાગની કુલ નવી બાબતો માટે **રૂ.૧૧૩.૯૮(એક સો તેર) કરોડ**ની જોગવાઈ પૈકી મહત્વની બાબતોની વિગતો આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરું છું.

- જામનગરમાં આવેલ પીરોટન અને અન્ય ટાપુઓના વિકાસ માટે **રૂ.૫ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યના મહત્વના પ્રવાસન સ્થળો જેવા કે, અંબાજી, બરડા, વાંસદા અને કોટેશ્વર નજીક સફારીની સ્થાપના માટે **રૂ.૧૫ કરોડ**ની જોગવાઇ.
- હાફેશ્વર ગામથી કેવડીયા સુધી નર્મદા કિનારે નેચર ટ્રેલ શરૂ કરવા **રૂ.૩ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યની ૧૦ ઈકો ટુરીઝમ સાઈટ્સને વિકસાવવા માટે **રૂ.૨ કરોડ**ની જોગવાઇ.
- રાજ્યના પૂર્વપટ્ટી વિસ્તારના વનોને તૃણભક્ષી પ્રાણીઓથી સમૃધ્ધ કરવા વલસાડ, વ્યારા, જાંબુઘોડા ખાતે બ્રીડીંગ સેન્ટરની સ્થાપના માટે **રૂ.૩ કરોડ**ની જોગવાઇ.

- દક્ષિણ ગુજરાતમાં ભરૂચ, સુરત, વલસાડ, તાપી અને ડાંગ ખાતે માનવ– પ્રાણી ઘર્ષણ ઘટાડવા સાધનોથી સુસજ્જ ક્વીક રીસ્પોન્સ ટીમ, એનીમલ એબ્યુલન્સ **1926 (એક હજાર નવસો છવ્વીસ)** શરુ કરવા માટે **રૂા.૧.૨૫ કરોડ**ની જોગવાઇ.
- નેશનલ વેટલેન્ડ કન્ઝર્વેશન દ્વારા વેટલેન્ડ રિજુવેનેશન પ્રોગ્રામ હેઠળના રાજ્યના **૪ (ચાર)** પરિએજ, રાયગઢ, છારીઢંઢ અને ગોસાબારા વેટલેન્ડના સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે **રૂા.૨.૫૦ કરોડ**ની જોગવાઇ.
- **સાસણ–જુનાગઢ વચ્ચે વિશ્વના વિવિધ ક્લાઇમેટિક ઝોનનું પ્રતિનિધિત્વ કરતા બોટનિકલ ગાર્ડન વિકસાવવા માટે રૂા.૨ કરોડની જોગવાઇ**.
- ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન પ્રાણી સંગ્રહાલયના વિકાસ તથા વ્યવસ્થાપન માટે **રૂા. ૨૦ કરોડ**ની જોગવાઇ.
- **મિશન ગતિશક્તિ** હેઠળ ઈકો–રીસ્ટોરેશનથી સૌરાષ્ટ્ર, કચ્છ વિસ્તારના શુષ્ક પ્રદેશોને ભૌગોલિક વિસ્તારને અનુરૂપ વનસ્પતિઓના વાવેતર તેમજ વિંધ્ય, અરવલ્લી અને સાતપુડા ગિરિમાળાઓના વિસ્તારમાં ઘનિષ્ઠ વનીકરણ અને ઘરોઇ થી અંબાજી વિસ્તારને હરીયાળુ અને લીલુંછમ બનાવવા માટે **રૂા. ૩૧ કરોડ**ની જોગવાઇ.
- ચંદનની પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય બજારમાં સારી એવી માગ રહે છે. વન વિસ્તાર નજીક વસતા વનવાસીઓને પણ ચંદનના વાવેતરથી લાભો મળી શકે છે તે હેતુથી ૧૦૦ હેક્ટર વન વિસ્તારમાં ચંદનના વૃક્ષોના વાવેતર કરવા **રૂા.૭૦ લાખ**ની જોગવાઇ.
- નવા ૧૫ ઘાસ ગોડાઉનના બાંધકામ માટે **રૂા. ૭.૫૦ કરોડ**ની જોગવાઇ
- અદ્યતન ટેકનોલોજીથી વન વિભાગના વનીકરણની યોજનાઓનું જીયો ટેગીંગ સાથે GIS મારફતે સઘન નિરીક્ષણ અને મુલ્યાંકનના હેતુસર **કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની સ્થાપના માટે રૂા.૨ કરોડ**ની જોગવાઇ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપણુ રાજય ઔદ્યોગિક વિકાસની સાથોસાથ પર્યાવરણ જાળવણી અને પ્રદુષણ નિયંત્રણ માટે દેશમાં અગ્રેસર છે. હાલમાં ગુજરાતમાં સ્થપાયેલ ઔદ્યોગિક એકમોમાંથી ઉદ્ધભવતા ગંદા પાણીને શુધ્ધ કરવા માટે આશરે **૮૧૯ (આઠસો ઓગણીસ)** એમએલડી ક્ષમતાનાં **કુલ–૪૧** કાર્યરત ગંદા પાણીનાં સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટ ગુજરાતમાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ઔદ્યોગિક ઘન કચરાના નિકાલની સુવિધા એટલે કે સામુહિક ટી.એસ.ડી.એફ., બાયોમેડીકલ કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલની સુવિધાઓ નકામા જોખમી કન્ટેનરને સાફ કરવાની સામુહિક સુવિધાઓ, ઇ–વેસ્ટ રજીસ્ટર્ડ ડીસમેન્ટલર/રીસાઇકલર ઉદ્યોગો વિકસાવવામાં પણ રાજ્ય દેશમાં મોખરે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

પ્લાસ્ટીકના કચરાના નિયમન અંગે લોકોમાં જનજાગૃતિ અભિયાન અન્વયે **ભાદરવી પૂનમના મેળાની પદયાત્રાને ઝીરો વેસ્ટ ઉત્સવ** કરવામાં આવેલ છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના પ્રયાસથી અંબાજી પદયાત્રા ઉત્સવ અંતર્ગત ૩૬૩ કિ.મી.ના રૂટ પરથી સ્વયં સેવકો તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના સહકારથી પ્લાસ્ટિક કચરો એકત્ર કરી તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવ્યો. **આ પ્રયાસ ડાકોરની પદયાત્રા, દ્વારકા પદયાત્રા જેવી અન્ય યાત્રાઓ માટે એક દ્રષ્ટાંત પુરુ પાડશે**.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા NICના સહયોગથી જોખમી કચરાના પરિવહન કરતા વાહનોની દેખરેખ માટે **વ્હીકલ લોકેશન ટ્રેકીંગ**

**સિસ્ટમ પોર્ટલ** તૈયાર કરેલ છે. આના પરીણામે જોખમી કચરાનું વહન કરતા વાહનોનું નિયમન અસરકારક રીતે કરી શકાય છે. **જીપીસીબીને પર્યાવરણ ક્ષેત્રે આ પહેલ માટે વર્ષ ૨૦૨૩માં ગોલ્ડ કેટેગરીમાં સ્કોચ એવોર્ડ મળેલ છે**.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વાયુ પ્રદૂષણની સમસ્યાના નિવારણ માટે રાજ્યના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ એમ ચાર મહાનગરપાલિકાઓનો **કેન્દ્ર સરકારનાં રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ અભિયાન અંતર્ગત** સમાવેશ કરવામાં આવેલ છે. આ ચાર શહેરોમાં હવા પ્રદૂષણ નિયંત્રણ માટે **રૂ.૭૯૬ (સાતસો છન્નુ) કરોડ**ની ધન રાશિની જોગવાઈ કરવામાં આવેલ છે.

આમ, વિકાસની સાથે સાથે હવાની ગુણવત્તા જળવાઈ રહે તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

બાયોમેડિકલ કચરાના સંચાલનમાં ગુજરાત રાજ્ય દેશમાં અગ્રેસર છે. ગુજરાતમાં કુલ-૨૧ કોમન **બાયોમેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસિલિટી (સીબીડબ્લ્યુટીએફ)ની સ્થાપના** કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત રાજ્યમાં જૈવિક તબીબી કચરાના સંગ્રહ અને નિકાલનું વિસ્તૃત નેટવર્ક ઉપલબ્ધ છે.

# પ્રવાસન

**માનનીય અધ્યક્ષશ્રી,**

✓ આજે હું પ્રવાસન પ્રભાગની માગણી નંબર ૫૧ લઈને આ સન્માનનીય સભા ગૃહ સમક્ષ આવ્યો છું.

**માન.અધ્યક્ષશ્રી,**

✓ વાઈબ્રન્ટ ગુજરાતના પ્રણેતા અને વિકસિત ભારતની સંકલ્પના આપનાર અને વૈશ્વિક નેતા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ આજથી બે

દાયકા પહેલાં ગુજરાતમાં પ્રવાસનના ક્ષેત્રના વિકાસ માટે એક સપનું જોયુ હતું જે આજે સાચા અર્થમાં સાકાર થયું છે...

- ✓ અને હવે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાસુચન હેઠળ ગુજરાત રાજ્ય પ્રવાસન ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે મને એ જણાવતા આનંદ થાય છે કે **વર્ષ ૨૦૦૧-૦૨ પ્રવાસનનું બજેટ માત્ર રૂ.૧૨ કરોડ હતું. જેમાં ક્રમશઃ માતબર વધારો થઈને વર્ષ ૨૦૨૪-૨૫ માં વધીને રૂા. ૧૬૨૦.૭૧ કરોડ (સોળસો વીસ કરોડ એકોતેર લાખ) થયું છે,** જે પ્રવાસન ક્ષેત્રનો વિકાસ કરવાની અમારી ઈચ્છાશક્તિ દર્શાવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- ✓ રાજ્ય સરકારના આયોજનબધ્ધ પ્રયાસોથી ગુજરાત આજે પ્રવાસીઓની પસંદગીમાં અગ્ર સ્થાન ધરાવે છે. છેલ્લા ૨૨ વર્ષમાં ગુજરાતે પ્રવાસન ક્ષેત્રેવિકાસની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરી છે. ભારતનો સૌથી લાંબો દરિયા કિનારો, સફેદ રણ, સુંદર પહાડો, ગીરના સિંહો, ગાઢ જંગલો, ઐતિહાસિક ધરોહરો અને સોમનાથ, દ્વારકા, અંબાજી તથા પાવાગઢ જેવા ધાર્મિક પ્રવાસન સ્થળો ગુજરાતને દેશ અને દુનિયાના પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બનાવે છે. જેના લીધે દેશ-વિદેશથી ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો નોંધાયો છે.
- ✓ **આજે મને ગૃહ સમક્ષ જણાવતાં આનંદ થાય છે કે,** ગુજરાતમાં આવનાર પ્રવાસીઓની સંખ્યાની વાત કરીએ તો વર્ષ ૨૦૨૩ માં **કુલ ૧૭.૨૬ કરોડે** પહોંચી છે. જેમાંથી **૧૭.૦૨ કરોડ** સ્થાનિક પ્રવાસીઓ અને ૨૪ લાખ વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે.
- ✓ ગુજરાત સરકારના અથાગ પ્રયત્નોને કારણે આજે ગુજરાત વિદેશી પ્રવાસીઓની મુલાકાતના સંદર્ભમાં પ્રથમ ક્રમે છે.

✓ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે પ્રવાસન સેક્ટરમાં અભૂતપૂર્વ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ સાથે દુનિયાભરના લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

✓ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે **'ખુશ્બુ ગુજરાત કી' અભિયાન** શરૂ કર્યું હતું, અને આ રીતે તેમણે દાયકાઓથી ઉપેક્ષિત આ સેક્ટરને પ્રગતિના માર્ગે આગળ વધારવાના પ્રયત્નો કર્યા હતા.અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ યાત્રા આગળ ધપી રહી છે.

**માન. અધ્યક્ષશ્રી,**

✓ સન્માનીય ગૃહ સમક્ષ મારી વાત કરતાં ગરવા ગુજરાતી તરીકે મારું મસ્તક ઊંચું થઈ જાય છે... માનનીય નરેન્દ્રભાઈમોદીના પ્રયાસો અને તેમના માર્ગદર્શનના કારણે છેલ્લા ૨૨ વર્ષોમાં ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. તેમના દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી છે.

✓ યુનેસ્કો દ્વારા 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા' તરીકે ગુજરાતના ગરબાને પસંદગી કરવામાં આવી છે. ગરબાને વૈશ્વિક ઓળખ પ્રાપ્ત થઈ છે.

✓ એટલું જ નહિ, તાજેતરમાં જ યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO ) દ્વારા કચ્છના ધોરડોને 'વર્લ્ડ બેસ્ટ ટુરિઝમ વિલેજ'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. વિશ્વના દરેક ખૂણે વસતા ગુજરાતીઓ માટે આ ગૌરવની ક્ષણ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

- ✓ **પ્રવાસન પ્રભાગ દ્વારા ગત વર્ષે સૌરાષ્ટ્ર–તમિલ સંગમ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું તે અંગે ગૃહમાં જણાવતાં આનંદ અનુભવું છું....**
- ✓ સૌરાષ્ટ્ર–તમિલ સંગમને લીધે ગુજરાતી અને તમિલ બાંધવો વચ્ચેના સદીઓના સંબંધો સજીવન થયા અને એકમેકની સમીપ આવી હૃદયપૂર્વક જોડાયા. દીર્ઘ દ્રષ્ટા અને સર્વાધિક લોકપ્રિય માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં સૌરાષ્ટ્ર- તમિલસંગમનો પાયો નાખ્યો હતો, તે આજે વટવૃક્ષ બનીને મ્હોંરી ઊઠ્યા છે.

**માન. અધ્યક્ષશ્રી,**

- ✓ **ગુજરાતના ઈતિહાસમાં સૌપ્રથમવાર ફિલ્મ જગતના પ્રતિષ્ઠિત એવોર્ડનું આયોજન જાન્યુઆરી ૨૦૨૪માં કરવામાં આવ્યું હતું. ૬૯ માં ફિલ્મ ફેર એવોર્ડનું આયોજન ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે કરવામાં આવ્યુ હતું.**

**માન.અધ્યક્ષશ્રી,**

- ✓ આપણી સંસ્કૃતિમાં તહેવારો અને મેળાઓનું અનોખું મહત્વ રહેલું છે. ગુજરાતમાં વર્ષની શરૂઆત આંતરરાષ્ટ્રીય કાઈટ ફેસ્ટિવલથી થાય છે અને અંત કાંકરિયા કાર્નિવલથી થાય છે. આ દરમિયાન વચ્ચે ફ્લાવર–શો, નેશનલ બુક ફેર, તરણેતરનો મેળો, કાત્યોકનો મેળો, નવરાત્રી મહોત્સવ, રણ ઉત્સવ, માધવપુર મેળો, બીચ ફેસ્ટિવલ, મોન્સુન ફેસ્ટિવલ, હેરિટેજ ફેસ્ટિવલ, ગાંધી જયંતિ મહોત્સવ તથા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ઉજવાતા વિવિધ તહેવારો અને મેળાઓની રંગેચંગે ઉજવણી કરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ✓ ગુજરાતના વિવિધ સ્થળોએ પતંગ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે સમગ્ર વિશ્વમાં ગુજરાતના કાઈટ ફેસ્ટિવલની ચર્ચા થઈ રહી છે. આંતરરાષ્ટ્રીય પંતગ મહોત્સવ ૨૦૨૩ માં ૭૪ દેશોના ૧૭૬ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ૧૪ રાજ્યોના ૬૪ રાષ્ટ્રીય પતંગબાજો તેમજ ગુજરાતના વિવિધ શહેરોના ૭૨૯ પતંગબાજો ભાગ લીધો હતો.
- ✓ અમદાવાદ સિવાય રાજ્યના અન્ય ૮ (આઠ) સ્થળોએ પણ પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ✓ માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે તેઓએ કચ્છના ધોરડો ખાતેના સફેદ રણમાં પ્રવાસનના વિકાસની વિશાળ તકો જોઈને **વર્ષ ૨૦૦૫માં રણોત્સવ શરૂ કરાવેલ.** વર્ષ ૨૦૦૫માં માત્ર ૨ દિવસથી શરૂ કરાયેલ આ રણ ઉત્સવ, હવે વધીને ૧૫૨ દિવસનો થયેલ છે.
- ✓ **મને એ જણાવતા આનંદ થાય છે કે ચાલુ વર્ષે ૨૦૨૩-૨૪માં અત્યાર સુધીમાં રણ ઉત્સવ માં કુલ ૭.૩૧ લાખ લોકોએ મુલાકાત લીધી છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ✓ નવરાત્રિએ વિશ્વનો સૌથી લાંબો નૃત્ય મહોત્સવ છે. નવરાત્રિનાં પર્વમાં માં દુર્ગાની ઉપાસના-આરાધના કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા પ્રતિવર્ષ નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે, જેમાં દર વર્ષે દેશ-દુનિયામાંથી લોકો આ ફેસ્ટિવલમાં ભાગ લે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- ✓ **પ્રવાસન ક્ષેત્રની નીતી અંગે વાત કરુ તો....**

  ગુજરાત રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર દ્વારા **નવી પ્રવાસન નીતિ ૨૦૨૧-૨૦૨૫** જાહેર કરવામાં આવી છે.

✓ આ ક્ષેત્રે હાલ માં જ **રૂ.૧૪,૩૪૭ કરોડ**ના રોકાણના ૬૮ MOU થયા છે.

✓ આ ઉપરાંત પ્રવાસન પ્રભાગ દ્વારા રાજ્યની પ્રથમ **હેરિટેજ ટુરિઝમ પોલીસી** જાહેર કરવામાં આવી છે. જેમાં ઐતિહાસિક વિરાસત અને જોવાલાયક પુરાતન સ્થળોને ટુરિઝમ મેપ પર ચમકાવવાનો ઉદ્દેશ છે.

✓ પ્રવાસન પ્રભાગ દ્વારા ગુજરાતની પરંપરા સંસ્કૃતિ, ગ્રામીણ જન જીવનથી દેશ-વિદેશના પ્રવાસીઓને ભલી-ભાંતિથી પરિચિત કરાવવાના ઉદ્દેશ સાથે **હોમ સ્ટે પોલિસીને** વધુ સરળ બનાવી છે.

✓ રાજ્યના પ્રવાસન પ્રભાગે ફિલ્મ ઉદ્યોગ જગતમાં ગુજરાતને પ્રવાસન સ્થળ તરીકે પ્રમોટ કરવા માટે તેમજ સ્થાનિક ફિલ્મ ઉદ્યોગના વિકાસ માટે નવી **'સિનેમેટિક ટુરિઝમ પોલિસી ૨૦૨૨-૨૦૨૭** અમલમાં મૂકી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**✓ આજે હું ગૃહ સમક્ષ એક મહત્વની વાત રજુ કરું છું....**

✓ **વર્લ્ડ ક્લાસ ટુરિસ્ટ ડેસ્ટિનેશન "સ્ટેચ્યું ઓફ યુનિટી"** ખાતે ગત વર્ષે ૨૦૨૩ માં લગભગ ૪૭ લાખ જેટલા પ્રવાસીઓ આવ્યા જે દર્શાવે છે કે આ સ્થળ તમામ ઉંમરના પ્રવાસીઓનું આકર્ષણ કેંન્દ્ર બન્યું છે.

**માન. અધ્યક્ષશ્રી,**

✓ **પ્રવાસન પ્રભાગ સતત વિકાસને વરેલો છે. રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓની સંખ્યા વધારવા અને પ્રાથમિક સુવિધાઓ વિકસાવવા માટે રૂપિયા ૧૨૪૨.૭૫ (બારસો બેતાળીસ કરોડ પંચોતેર લાખ) કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો કરવાનું આયોજન છે.**

**અયોધ્યા ખાતે વિશાળ યાત્રી ભવનનું નિર્માણ**

- ✓ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ અયોધ્યામાં નૂતન રામમંદિરમાં પ્રભુ શ્રી રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાનો મહોત્સવ માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે દેશ અને દુનિયાભરમાં અભૂતપૂર્વ ઉત્સાહ અને ઉમંગ સાથે સંપન્ન થયેલ છે,
- ✓ માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ ભવ્ય રામમંદિરના દર્શને આવનારા શ્રદ્ધાળુઓને મંદિર પરિસર નજીક આવાસ–નિવાસ તથા અન્ય સુવિધાઓ મળી રહે તે માટે અયોધ્યા ખાતે લેવાની થતી જમીન માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ રૂ. ૪૫ કરોડ ની જોગવાઈ કરવામાં આવેલ છે. જે પૈકી **૪૧.૬૯ કરોડ** જમીન ખરીદી માટે ઉત્તર પ્રદેશ આવાસ એવમ વિકાસ પરિસદ ને ફાળવી દીધેલ છે. તથા નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માં પ્રવાસી સુવિધા વિકસાવવા માટે **કૂલ ૫૦.૦૦ કરોડ** પૈકી ચાલુ વર્ષે **રૂપિયા ૧૦ કરોડ**ના ખર્ચે યાત્રી નિવાસના વિકાસનું આયોજન કરેલ છે.
- ✓ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા તાજેતરમાં વારાણસી તેમજ અયોધ્યા ખાતે પ્રવાસન માહિતી કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે.
- ✓ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ઉત્તર ગુજરાતના ધરોઈ ડેમ વિસ્તારનો વર્લ્ડ ક્લાસ સસ્ટેઈનેબલ ટુરિસ્ટ પિલગ્રિમેજ ડેસ્ટીનેશન તરીકે વિકાસકરવામાં આવી રહ્યો છે.જેમાં ધરોઈ વિસ્તારના આ પ્રોજેક્ટ અંદાજે **રૂપિયા ૧૧૦૦ કરોડ**ના ખર્ચે ત્રણ તબક્કામાં હાથ ધરાશે.
- ✓ **ધોળી ધજા ડેમ અને કડાણા ડેમ સાઈટ ખાતે** વિવિધ પ્રવાસી સુવિધા વિકાસ નું આયોજન કરેલ છે.
- ✓ સોમનાથ ખાતે ચાર ઝોનમાં બીચ ડેવલપ કરવામાં આવશે.

- ✓ **ગીર વિસ્તારમાં આવતાં પ્રવાસી સ્થળોમાંથી** મુખ્ય પ્રવાસી સ્થળોને આઈકોનિક ડેવલપમેન્ટ ઑફ ગ્રેટર ગીર તરીકે વિકાસ કરવામાં આવશે અને તેમાં વિવિધ પ્રવાસી સુવિધાઓ ઊભી કરવામાં આવશે.
- ✓ **ગુજરાતના એકમાત્ર ગિરિમથક એવા સાપુતારા ખાતે**આવતા પ્રવાસીઓની સંખ્યાને ધ્યાને રાખીને આઈકોનિક સ્થળ તરીકે વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે અને રૂપિયા ૩૦ કરોડના ખર્ચે વિવિધ સુવિધાઓ ઊભી કરાશે.
- ✓ ભારત સરકાર દ્વારા આઈકોનિક સ્થળ તરીકે જાહેર કરાયેલા પ્રાચીન નગર ધોળાવીરા ખાતે જુદા જુદા ૩ ફેઝ માં રૂ. ૨૦૦ કરોડ ના વિકાસ કાર્યો હાથ ધરેલ છે જે પૈકી રૂ. ૭૬ કરોડના કાર્યો નું ખાત મુહૂર્ત હાલ માં જ માનનીય પ્રધાનમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું છે.
- ✓ **રૂ. ૨૦ કરોડ**ના ખર્ચે મહિસાગર જીલ્લામાં માનગઢ હિલ ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવાનું આયોજન છે.
- ✓ મૂળ દ્વારકા ખાતે આઈકોનિક બીચનો વિકાસ તથા સબમરીન પ્રોજેક્ટ માટે જેટી તેમજ અન્ય પ્રવાસી સુવિધાઓ માટે **રૂપિયા ૭૦ કરોડ**ના ખર્ચની યોજના છે.
- ✓ **પોરબંદરના મોકરસાગર વેટલેન્ડનો ઈકો ટુરીઝમ** સાઈટ તરીકે **રૂ. ૧૮૭.૦૦ કરોડ**ના (એકસો સત્તયાસી) ખર્ચે વિકાસ કરવામાં આવશે.
- ✓ ગુજરાત પાસે ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો છે. આ દરિયા કિનારે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. રાજ્યમાં આવેલ વિવિધ સમુદ્રી સીમાઓ પર પ્રવાસીઓને આકર્ષવા માટે, આઈકોનિક બીચના વિકાસ તથા **બેટ દ્વારકા ખાતે માસ્ટર પ્લાન તૈયાર કરી વિવિધ પ્રવાસી સુવિધાઓનું આયોજન હાથ ધરેલ છે.**
- ✓ **વધુમાં હાલમાં જ કચ્છ જિલ્લા માં આવેલ કોટેશ્વર તીર્થધામ નજીક લક્કીનાળા વિસ્તાર ખાતે ભારતમાં પ્રથમ વખત "સમુદ્રી સીમાદર્શન"માટે બોટ રાઈડનો વિકાસનો પ્રારંભ કરવામાં આવ્યો. ભવિષ્યમાં અહી**

**પ્રવાસીઓ માટે અનેક સુવિધાઓ વિકસાવવામાં આવશે. થોડા સમય માં જ બોટ રાઈડ ની સાથે સાથે પ્રવાસીઓને દરિયાઈ વિસ્તારમાં આવેલ ટાપુઓ પર પણ લઈ જવામાં આવશે જ્યાં મેન્ગ્રુવના જંગલો બતાવી સાહસિક અનુભવ કરાવવામાં આવશે.**

**માન અધ્યક્ષ શ્રી,**

✓ **જંગલ સફારી પાર્ક અને ઈકો-ટુરિઝમનો વિકાસની વાત કરીએ તો**

વન વિભાગ દ્વારા જુદા જુદા સ્થળો જેવાકે અંબાજી, વાંસદા, કોટેશ્વર ખાતે જંગલ સફારી પાર્ક શરુ થનાર છે, આવા સ્થળો ખાતે જંગલ સફારી ની બહાર નાં ભાગ માં પ્રવાસી સુવિધા તથા બીજી પાયાની જરૂરિયાતો પૂરી પાડવા માટે રૂપિયા ૪૫ કરોડના ખર્ચે જંગલ સુવિધા વિકસાવવાનું આયોજન છે.

✓ **સાવલીમાં આવેલ કમળ તળાવ ખાતે રૂ ૭.૪ કરોડ અને ડભોઈમાં તેન તળાવના ૩.૦૭ કરોડ**ના ખર્ચે પ્રવાસી સુવિધા વિકસાવવા વિવિધ કામગીરી હાથ ધરેલ છે.

✓ **આણંદ જીલ્લાનાં મલાતજ તળાવ ખાતે ક્રોકોડાયલ પાર્ક** ને પ્રવાસન સ્થળ તરીકે વિકાસાવવાની કામગીરી અને **કનેવાલ તળાવ ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવાની કામગીરી** હાથ ધરવામાં આવેલ છે.

✓ **બનાસકાંઠા જીલ્લામાં પાલનપુર પાસે** બનાસ નદીના કાંઠે વિશ્વેશ્વર મહાદેવનું મંદિર, સુપ્રસિધ્ધ બાલારામ મંદિર અને જેસોર રીંછ અભ્યારણ પર્યટનના મહત્વપૂર્ણ સ્થળો છે. અહી **રૂપિયા ૨૫ કરોડ**ના ખર્ચે વિવિધ પ્રવાસી સુવિધા વિકસાવવાનું આયોજન છે.

✓ **અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના દુધાળા ખાતે ઉજવાયેલ જળ ઉત્સવ-૨૦૨૩ના** કાર્યક્રમ નો ઉલ્લેખ માનનીય વડાપ્રધાનશ્રીએ મન કી બાતના ૧૦૭માં એપીસોડમાં પણ કર્યો હતો.

✓ **રૂ. ૩૫ કરોડના ખર્ચે જૂનાગઢના દરબાર હોલ, ભુજના આયના મહેલ તથા કચ્છના લખપત ફોર્ટ** સહિત ગુજરાતના જુદા જુદા મેમોરિયલ તથા કિલ્લાના વિકાસની કામગીરી હાથ ધરાશે.

✓ **અમદાવાદ જિલ્લાના લોથલ ખાતે** પૌરાણિક આર્કિયોલોજીકલ સાઈટ મળી આવેલ છે. જ્યાં ગુજરાત પેવેલિયન બનાવવાનું આયોજન રૂપિયા ૮૦ કરોડના ખર્ચે કરેલ છે. જે પૈકી ચાલુ વર્ષે **રૂપિયા ૩૦ કરોડ**ના ખર્ચ ની જોગવાઈ છે.

✓ **દેવભૂમિ દ્વારકામાં** ભાણવડથી ખંભાળિયા જતા રસ્તા પર ત્રણ નદીઓનાત્રિવેણી સંગમ સ્થળ વચ્ચે આવેલા ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર **ખાતે ટુરિસ્ટ સર્કીટના વિકાસ માટે રૂપિયા ૨૫ કરોડ**નું આયોજન કરાયેલ છે.

✓ **ભરૂચ જિલ્લામાં આવેલ ભાડભુત મંદિરની** આસપાસના વિસ્તારમાં પ્રવાસીઓ માટે રૂપિયા ૩ કરોડના ખર્ચે પ્રાથમિક સુવિધાઓ ઊભી કરાશે.

✓ **રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાનાં થાણા ગાલોળ ગામે** આવેલ બૌદ્ધ વિહારને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે **રૂપિયા ૫ કરોડ**ના વિવિધ પ્રવાસી સુવિધાઓના વિકાસ હાથ ધરવામાં આવનાર છે.

✓ ગુજરાતનાં મુખ્ય પ્રવાસન સ્થળો ખાતે **રોક ગાર્ડન, સ્કલ્પચર તથા સ્કાય વોકના વિકાસ માટે રૂપિયા ૮૦ કરોડનું આયોજન** કરેલ છે.

✓ છેલ્લા કેટલાક દાયકામાં કચ્છ જીલ્લામાં પ્રવાસન ક્ષેત્રે ખુબ વિકાસ થયો છે હજુ કચ્છ જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે અનેક સંભાવનાઓ હોઈ, **કચ્છ જીલ્લા ખાતે ગોવર્ધન પર્વત ખાતે રૂ. ૧૯ કરોડ, ટપકેશ્વરી મંદિરની આસપાસના વિસ્તાર માટે રૂ. ૨૦ કરોડ, પિંગળેશ્વર બીચ માટે રૂ. ૫ કરોડ,** તથા તેરા હેરિટેઝ વિલેજ અને રુદ્રાણી ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવાનું આયોજન છે.

✓ **રાજ્યનાં દરેક જીલ્લાનાં ૫-૫ જુદા-જુદા સ્થળોએ પ્રવાસી સુવિધાઓના વિકાસ ની યોજના અંતર્ગત** ગુજરાત રાજ્યના દરેક જિલ્લામાં જે સ્થળે

પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થતો હોય તેવા પાંચ સ્થળોએ પ્રવાસીઓને પ્રાથમિક સુવિધા ઊભી કરવા **રૂપિયા ૩૦ કરોડ**ના ખર્ચનું આયોજન છે.

✓ છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્યમાં સર્કિટ બેઝડ ટુરીઝમ પર ભાર મૂકવામાં આવ્યો છે જે અંતર્ગત ગાંધી સર્કિટ, બુદ્ધિસ્ટસર્કિટ નું કામ પૂર્ણ થઈ ગયેલ છે અને હવે સ્વામી વિવેકાનંદ સર્કિટ, કૃષ્ણ સર્કિટ, ઝવેરચંદ મેઘાણી સર્કિટ, કબીરવડ મેગા સર્કિટ (કબીરવડ ઘાટ, મંગલેશ્વર ઘાટ, અંગારેશ્વર ઘાટ અને શુક્લતીર્થ ઘાટ) વગેરે નો સમાવેશ કરાયો છે.

✓ ગુજરાત પ્રવાસન દ્વારા રાજ્યના વિવિધ ક્ષેત્રો માં **પીપીપી પરિયોજના હેઠળ** પ્રવાસી સુવિધાઓ વિકસાવવાનું આયોજન હાથ ધરેલ છે.

- બીચ ટુરિઝમ ના વિકાસ અર્થે માંડવી અને તિથલ બીચ ખાતે બીચ રિસોર્ટ નો સમાવેશ કરાયેલ છે.
- બોર્ડર ટુરિઝમ ના વિકાસ અર્થે બનાસકાંઠા ના નડાબેટ ખાતે **"સીમાદર્શન પ્રોજેક્ટ–નડાબેટ"** વિકસાવવામાં આવેલ છે.
- ગાંધીજી ના જીવનમૂલ્યો ને ઉજાગર કરતાં પ્રવાસી સ્મારકો માં દાંડી માર્ચ ટુરિસ્ટ સર્કિટ, નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ તેમજ પ્રવાસી સુવિધા કેન્દ્ર -દાંડી નો સમાવેશ થાય છે.
- ભવિષ્યમાં પોલો ફોરેસ્ટ ખાતે ટેન્ટ સિટીઅને શિવરાજપુર ખાતે પ્રવાસી સુવિધા કેન્દ્રના વિકાસનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

✓ **રાજ્યનાં વિવિધ પ્રવાસન સ્થળોએ પ્રવાસી સુવિધા કેન્દ્રો તથા પ્રાદેશિક કચેરીની કામગીરી**

✓ રાજ્યના વિવિધ સ્થળો જેમ કે દ્વારકા, નારાયણ સરોવર, કોટેશ્વર, રૈયોલી, ગીર, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓને પૂરતી માહિતી અને માર્ગદર્શન મળી રહે તે માટે **રૂપિયા ૨૫ કરોડ**ના ખર્ચે ટુરિસ્ટ ફેસિલિટેશન સેન્ટર,

ટુરિસ્ટ રિસેપ્શન સેન્ટર તથા ડોરમેટરી જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની યોજના છે.

**માન.અધ્યક્ષશ્રી,**

✓ "**એક ભારત, શ્રેષ્ઠ ભારત" અને "આઝાદી કા અમૃત મહોત્સવ**" ના ભાગ રૂપે જુદા–જુદા રાજ્યોના કલ્ચર એક્સચેન્જ પ્રોગ્રામ કરવાનું આયોજન છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય બે સાંસ્કૃતિક પરંપરાઓને નજીક લાવી બંન્ને પ્રદેશોના લોકો વચ્ચેના સબંધને ગાઢ બનાવવાનો છે. તમિલ સંગમ ને માધવપુર ઘેડ મેળો જેવા રાષ્ટ્રીય કક્ષાના કલ્ચર એક્સચેન્જ પ્રોગ્રામના આયોજન માટે સૂચિત **રૂપિયા ૧૦ કરોડ**નું બજેટ ફાળવાયું છે.

✓ **વધુમાં ટ્રાવેલ ફોર લાઇફ (TFL), નો હેતુ ટકાઉ પ્રવાસન વિશે જાગૃતિ લાવવાનો છે.** વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગો અને આંતરરાષ્ટ્રિય પ્રતિનિધિઓ અને એડવેન્ચર ટૂર ઓપરેટર, વેડિંગ ટુરિઝમ, માઈસ ટુરિઝમ, ઈન્ફ્લુએન્સરની **ફેમ ટુર માટે રૂપિયા ૧૫ કરોડની જોગવાઈ સૂચવેલ છે.**

✓ ગુજરાત રાજ્યમાં આવતા પ્રવાસીઓની વિસ્તૃત માહિતી સરળતાથી સરકારશ્રીને મળી રહે તે હેતુથી **"આતિથ્યમ્" ટુરિસ્ટ ફૂટ ફોલ ડેશબોર્ડ બનાવવામાં** આવેલ છે. આ પ્રકારનું ડેશબોર્ડ બનાવનાર ગુજરાત સમગ્ર ભારતમાં પહેલું રાજ્ય છે.

✓ ગુજરાત પ્રવાસન દ્વારા સ્વચ્છ ભારત અભિયાન દ્વારા કુલ ૪૪ સ્થળો પર વિવધ નગરપાલિકા, કોર્પોરેશન, તેમજ ટ્રસ્ટ ના સહાયમાં સફાઈ કામગીરી **રૂ ૨૮ કરોડ** ના ખર્ચે હાથ ધરેલ છે.

# **યાત્રાધામ**

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજયમાં યાત્રાધામનાં વિકાસની વાત કરૂ તો, રાજયના મુખ્ય આઠ પવિત્ર યાત્રાધામો પાવાગઢ, અંબાજી, દ્વારકા, સોમનાથ, ડાકોર, ગીરનાર, પાલીતાણા અને શામળાજી ઉપરાંત સરકારશ્રી હસ્તકનાં ૩૫૮ દેવસ્થાન, ખાનગી મંદિરો/યાત્રાધામોનાં યાત્રાળુઓની પ્રાથમિક સુવિધા અંગે તેમજ યાત્રાધામોનો સર્વાંગી વિકાસ થાય તે માટે **તા.૧૧/૦૪/૨૦૨૩ ના ઠરાવથી સર્વગ્રાહી નીતિ નિયત કરવામાં આવેલ છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

માન.વડાપ્રધાનશ્રીના વરદહસ્તે પાંચ સદી પછી પાવાગઢ મંદિરની ધ્વજારોહણ વિધિ કરવામાં આવેલ. પાવાગઢ યાત્રાધામમાં ફેઝ–૩ અંતર્ગત તળેટીના વિસ્તાર માંચી ચોક ખાતે આવનારા યાત્રાળુઓની સુવિધાઓનાં ભાગરૂપે, ચાંપાનેર ખાતે ૨–પાર્કિંગ, ચાંપાનેરનાં અંદર અને બહારના રસ્તાની કામગીરી, ફોર્ટનું લાઈટીંગ, વડા તળાવ પાસે ટેન્ટ સીટી બનાવવા **રૂ.૬૨.૯૪ કરોડ(રકમ રૂપિયા બાસઠ કરોડ ચોરાણું લાખ)** ની કામગીરી પ્રગતિમાં છે.

**અંબાજી યાત્રાધામને** કેન્દ્રસ્થાને રાખી રાજ્ય સરકાર માસ્ટર પ્લાન તૈયાર કરવાનું આયોજન કરેલ છે. યાત્રાધામ અંબાજી ખાતે ખૂબ મોટા પ્રમાણમાં આવતા યાત્રાળુઓ દૂરથી માતાજીની પ્રતિમા નિહાળી શકે, યાત્રિકો માટે મોટું આકર્ષણનું કેન્દ્ર બને તેમજ અંબાજી ખાતે રાત્રી રોકાણમાં યાત્રિકોની સંખ્યામાં વધારો થાય તે માટે ૧૦૦ બાય ૮૦ ફુટની LED પ્રતિમા મુકવાની કામગીરી **કુલ રૂપિયા ૧૨.૦૦ (રકમ રૂપિયા બાર કરોડ)** કરોડ ખર્ચે આયોજન હેઠળ છે. અંબાજી યાત્રાધામ અને તેની પાસે આવેલ વિસ્તારનાં

અન્ય યાત્રાધામો ખાતે યાત્રાળુઓ સરળતાથી દર્શનનો લાભ લઇ શકે તે હેતુથી સર્કિટ પ્લાનિંગના રૂપે શ્રી કોટેશ્વર મહાદેવ મંદિર (તબક્કો ૨), શ્રી કુંભારિયા જૈન તીર્થ, કામાક્ષી મંદિર તથા અંબાજી મુકામે આવેલ અગત્યના ધાર્મિક સ્થળો ખાતે વિકાસ કામો **રૂપિયા ૫૦ કરોડ (રકમ રૂપિયા પચાસ કરોડ)** નાં ખર્ચે આયોજન હેઠળ છે. તાજેતરમાં યોજાયેલ **શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં** ૧૩ લાખ યાત્રાળુઓ દર્શનાર્થે આવેલ જે પણ વિક્રમજનક છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા યાત્રાળુઓ માટે વિસામા, શૌચાલય, પાર્કિંગ, પીવાના પાણીની સુવિધા, ભોજનાલયની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ.

**માન.અધ્યક્ષશ્રી,**

**મને જણાવતા આનંદ થાય છે કે, માન.મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આપ તથા સમગ્ર માન.મંત્રીમંડળ તથા માન.ધારાસભ્યશ્રીઓ પણ આ પરિક્રમા મહોત્સવમાં સામેલ થયા હતા.**

**બહુચરાજી યાત્રાધામનાં** વિકાસ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા **રૂ.૭૦.૫૭ કરોડ (રકમ રૂપિયા સીત્તેર કરોડ સત્તાવન લાખ)** ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે અંતર્ગત શ્રી બહુચરાજી માતાજી મંદિરનું પુન:નિર્માણ કરી શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઇંચ વધારવામાં આવનાર છે. બહુચરાજી યાત્રાધામનાં સર્વાંગી વિકાસ માટે માસ્ટર પ્લાન તૈયાર કરવા કાર્યવાહી હાથ ધરેલ છે.

**દ્વારકા યાત્રાધામ** પશ્ચિમ ભારતનું સૌથી મોટુ આધ્યાત્મિક કેન્દ્ર બને તે માટે દ્વારકા ખાતે "દેવભૂમિ દ્વારકા કોરિડોર" બનાવવા આયોજન હાથ ધરેલ છે.

**કચ્છ જિલ્લાના** માતાનો મઢ યાત્રાધામના માસ્ટર પ્લાનિંગ અંતર્ગત **રૂપિયા ૩૨.૭૦ કરોડ (રકમ રૂપિયા બત્રીસ કરોડ સીત્તેર લાખ) ,** નારાયણ સરોવર યાત્રાધામનો **રૂપિયા ૩૦.૦૦ કરોડ(રકમ રૂપિયા ત્રીસ કરોડ)** તથા **પોરબંદર જિલ્લાના માધવપુર** ખાતે આવેલ શ્રી ક્રિષ્ના–રૂક્ષ્મણી યાત્રાધામના માસ્ટર પ્લાનિંગ અંતર્ગત **રૂપિયા ૪૨.૪૩ કરોડ (રકમ રૂપિયા બેતાળીસ કરોડ તેત્તાળીસ લાખ)** ના ખર્ચે સર્વગ્રાહી વિકાસ કામો પ્રગતિમાં છે.

આમ, ગુજરાત સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા, ભૂતકાળમાં ક્યારેય ન થયા હોય તેવી ઉત્કૃષ્ઠ કામગીરી થઈ રહી છે. આજની સ્થિતિએ બોર્ડ દ્વારા કુલ **રૂપિયા ૫૯૫.૫૪ કરોડ (રકમ રૂપિયા પાંચસો પંચાણું કરોડ ચોપન લાખ)** ના ૯૦ કામો હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી કુલ **રૂપિયા ૨૩૮.૬૨ કરોડ (રકમ રૂપિયા બસો આડત્રીસ કરોડ બાસઠ લાખ)** ના ૪૬ કામો પ્રગતિ હેઠળ છે. તેમજ કુલ **રૂપિયા ૩૫૬.૯૨ કરોડ (રકમ રૂપિયા ત્રણસો છપ્પન કરોડ બાણું લાખ)** ના ૪૪ કામો આયોજન હેઠળ છે. આમ, રાજ્ય સરકારશ્રી દ્વારા આરંભેલ વિકાસની યાત્રાને પરિણામે યાત્રાધામો ખાતે યાત્રાળુઓની સંખ્યામાં અવિરત વધારો થયેલ છે.

**માન.અધ્યક્ષશ્રી**

**મને જણાવતા આનંદ થાય છે કે,** સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે રાજ્યનાં મુખ્ય આઠ યાત્રાધામો ખાતે ઉચ્ચકક્ષાની સ્વચ્છતાની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત માન.મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં આવેલ ગિરનાર, અંબાજી અને પાવાગઢ જેવા પર્વતીય પ્રદેશમાં આવેલા યાત્રાધામો ખાતે પ્રથમવાર પવિત્ર પર્વત સફાઈ અભિયાન હાથ ધરાયેલ હતું.

**માન.અધ્યક્ષશ્રી,**

**ગુજરાત પવિત્ર યાત્રાધામ બોર્ડની યોજનાઓની વાત કરૂં તો,**

**(૧) શ્રવણ તીર્થ દર્શન યોજનાઃ-**

વરિષ્ઠ નાગરીકો યાત્રાધામોનાં સરળતાથી દર્શન કરી શકે તે માટે અમલી બનાવાયેલ "શ્રવણ તીર્થ દર્શન યોજના" હેઠળ **અત્યાર સુધી ૧,૩૭,૦૦૦ (એક લાખ સાડત્રીસ હજાર) યાત્રાળુઓએ** આ યોજનાનો લાભ લીધેલ છે તથા વર્ષ ૨૦૨૪-૨૫ માટે કુલ **રૂપિયા ૫૫૦.૦૦ લાખ (રકમ રૂપિયા પાંચ કરોડ પચાસ લાખ)** ની જોગવાઈ કરેલ છે.

**(૨) સિંધુ દર્શન યોજનાઃ-**

સિંધુ દર્શન યોજના અંતર્ગત દર વર્ષે ૩૦૦ (ત્રણસો) યાત્રિકોને યાત્રિક દીઠ **રૂપિયા ૧૫,૦૦૦.૦૦ (પંદર હજાર)**ની આર્થિક સહાય માટે વર્ષ ૨૦૨૪-૨૫માં **રૂપિયા ૪૫.૦૦ લાખ (રકમ રૂપિયા પીસ્તાળીસ લાખ)** ની જોગવાઈ કરેલ છે.

**(૩) કૈલાસ માનસરોવર યોજનાઃ-**

કૈલાસ માનસરોવરમાં ગુજરાતી યાત્રિકોને ચાલુ વર્ષે પ્રોત્સાહક સહાય **રૂપિયા ૨૩,૦૦૦/- (રકમ રૂપિયા ત્રેવીસ હજાર)** થી વધારીને **રૂપિયા ૫૦,૦૦૦/- (રકમ રૂપિયા પચાસ હજાર)** કરવામાં આવેલ તથા વર્ષ ૨૦૨૪-૨૫માં **રૂપિયા ૧૫૦.૦૦ લાખ (રકમ રૂપિયા એક કરોડ પચાસ લાખ)** ની જોગવાઈ કરેલ છે.

**(૪) "શ્રી રામ જન્મભૂમિ-માં શબરી" સ્મૃતિ યાત્રા યોજનાઃ-**

રાજ્ય સરકાર દ્વારા શ્રી રામ જન્મભૂમિ-માં શબરી" સ્મૃતિ યાત્રા યોજના હેઠળ ગુજરાતમાં વસવાટ કરતાં વનવાસી લોકો "શ્રી રામ જન્મભૂમિ, અયોધ્યા" ખાતે સરળતાથી દર્શન કરી શકે તે માટે સરકારી સહાય પૂરી પાડવા અંતર્ગત પ્રતિ લાભાર્થીને **રૂપિયા ૫,૦૦૦/- (એકે રૂપિયા પાંચ હજાર પૂરા)**

રકમની આર્થિક સહાય ચૂકવવા જોગવાઇ કરવામાં આવેલ છે. આ પ્રકારની જોગવાઈ કરનાર આપણું

રાજ્ય દેશમાં પ્રથમ રાજ્ય છે અને ચાલુ વર્ષ માટે રાજ્યનાં કુલ ૧૦,૦૦૦ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવશે.

**નવી બાબત:-**

- રાજ્યમાં યાત્રાધામોની વિકાસયાત્રા વધુને વધુ વેગવંતી બને તે માટે સ્થાનિક કક્ષાએ વિવિધ ધર્મ/સંપ્રદાય/જ્ઞાતિના સ્થાનિક રીતે મહત્વ ધરાવતાં ધર્મસ્થાનોનો સર્વાંગી વિકાસ કરવા હેતુએ વર્ષ ૨૦૨૪-૨૫માં નવી બાબત તરીકે **રૂપિયા ૫૫.૦૦ કરોડ (રકમ રૂપિયા પંચાવન કરોડ)** ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- મુખ્ય આઠ પવિત્ર યાત્રાધામો ખાતે લાખોની સંખ્યામાં આવતા યાત્રાળુઓને મહત્વના સ્થળોની જાણકારી મળે તે માટે સાઈનેજીસ, યાત્રાળુઓની સચોટ માહિતી જાણી શકાય તે માટે ફુટફોલ કાઉન્ટીંગ મશીન તેમજ મહત્વના એપ્રોચ રસ્તા પર ગેન્ટ્રીગેટ બનાવવા વર્ષ ૨૦૨૪-૨૫માં નવી બાબત તરીકે **રૂપિયા ૮.૦૦ કરોડ (રકમ રૂપિયા આઠ કરોડ)** ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- બિંદુ સરોવર, સિધ્ધનાથ મહાદેવ મંદિર અને વટેશ્વર તીર્થક્ષેત્ર, મુ.સિધ્ધપુર, જિ.પાટણ ખાતે નિભાવણી અને જાળવણીની કામગીરી કરવા વર્ષ ૨૦૨૪-૨૫માં નવી બાબત તરીકે **રૂપિયા ૩.૦૦ કરોડ (રકમ રૂપિયા ત્રણ કરોડ)** ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- અન્ય મહત્વના યાત્રાધામોને એકતાનગરની જેમ પ્લાસ્ટિક અને ડીસ્પોઝેબલ ચીજવસ્તુઓ મુક્ત, ગ્રીન એન્ડ ક્લિન બનાવવા ઉચ્ચકક્ષાની સ્વચ્છતા તથા સંલગ્ન કામગીરી કરવા વર્ષ ૨૦૨૪-૨૫માં

નવી બાબત તરીકે **રૂપિયા ૩.૦૦ કરોડ(રકમ રૂપિયા ત્રણ કરોડ)**ની જોગવાઈ કરવામાં આવેલ છે.

- અંબાજી ખાતે એલ.ઈ.ડી. પ્રતિમા મુકવાની કામગીરી સંબંધે વર્ષ ૨૦૨૪–૨૫માં નવી બાબત તરીકે **રૂપિયા ૧૦.૦૦ કરોડ (રકમ રૂપિયા દસ કરોડ)** ની જોગવાઈ કરવામાં આવેલ છે.

આમ, ઉકત કામગીરી માટે નવી બાબત હેઠળ કુલ **રૂપિયા ૭૯.૧૦ કરોડ (રકમ રૂપિયા અગણ્યાએંશી કરોડ દસ લાખ)** ની નવી બાબત જોગવાઈ કરેલ છે.

આમ, સરકાર યાત્રાધામોનાં વિકાસ, નવીનીકરણ, સગવડો, માળખાકીય સુવિધાઓ, સ્વચ્છતાં તથા સર્વગ્રાહી વિકાસ માટે આ સરકાર કટિબદ્ધ છે.

# કલાઈમેટ ચેન્જ વિભાગ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આજે હું મારા કલાઈમેટ ચેન્જ વિભાગની વર્ષ ૨૦૨૪-૨૫ માટેની અંદાજપત્રીય માંગણીઓ લઈને ગૃહ સમક્ષ આવ્યો છું. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કલાઈમેટ ચેન્જ અંગેની વૈશ્વિક સમસ્યાઓને નિવારવા કટીબદ્ધ છે તે આપના મારફત ગૃહને જણાવવા માંગુ છું. ચાલુ વર્ષની અંદાજપત્રીય જોગવાઈઓ ગુજરાત રાજયના કલાઈમેટ ચેન્જ પરત્વેના સંવેદનશીલ અભિગમને વધુ આગળ ધપાવશે તેવો મને વિશ્વાસ છે. ગુજરાતના પનોતા પુત્ર અને ભારતનાં માનનીય વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી ભર્યા અભિગમથી તેઓ જયારે ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૯ માં કલાઈમેટ ચેન્જ માટે એક અલાયદા વિભાગ ની સ્થાપના

કરી ગુજરાતને માત્ર ભારત દેશમાં જ નહિ પરંતુ સમગ્ર એશિયાખંડમાં કલાઈમેટ ચેન્જ વિભાગ પ્રથમ સ્થાપવાની સિદ્દિધ અપાવી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ અમારી માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કલાઈમેટ ચેન્જઅંગેની બાબતોને અગ્રિમતા આપી કલાઈમેટ ચેન્જ અંગેના વૈશ્વિક પડકારોનો સામનો કરવા સમગ્ર માનવજાતને ઉત્કૃષ્ઠ માર્ગદર્શન પુરૂ પાડી રહેલ છે, ત્યારે મારા કલાઈમેટ ચેન્જ વિભાગના આગામી નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના આયોજનો વધુ અસરકારક રીતે સાકાર થાય તે માટે ગૃહમાં ઉપસ્થિત સૌનો સહકાર મળી રહે તેવી આશા રાખુ છું.

**માન.અધ્યક્ષશ્રી,**

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ પંચામૃતની વિચારધારાથી દુનિયાના વિકસીત રાષ્ટ્રોને પણ વિચારતા કર્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્ય રહેણાંક મકાનો ઉપર સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. સમગ્ર ભારતના સોલાર રૂફટોપ ઈન્સ્ટોલેશનના ૮૧ ટકા જેટલા ગુજરાત રાજયમાં જ સ્થાપન કરવામાં આવ્યા છે. આપણા રાજયમાં રહેણાંક મકાનો પર કુલ ૨૩૦૦ થી વધુ મેગાવોટ ક્ષમતાના સૌરઉર્જા પ્લાન્ટ બેસાડેલ છે અને તે માટે ૫ લાખ કરતાં વધુ લાભાર્થીઓને સહાય ચૂકવાયેલ છે. બજેટ ૨૦૨૪-૨૫ માં **રૂા.૯૧૬ કરોડ (નવસો સોળ કરોડ)**ની જોગવાઈ દ્વારા એક લાખથી વધુ રહેણાંક મકાનો પર સોલાર સીસ્ટમ માટે સબસીડી ચૂકવવાનું આયોજન છે.

**માન.અધ્યક્ષશ્રી,**

નવીન અને પુનઃપ્રાપ્ત ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન પુરૂ પાડવા રાજય સરકાર કટીબદ્ધ છે ત્યારે પવન ઉર્જાનીતિ હેઠળ રાજયની કુલ પવન વિદ્યુત

ઉત્પાદન ક્ષમતા **૧૦૪૩૦ મેગાવોટ (દસ હજાર ચારસો ત્રીસ મેગાવોટ)** થાય છે. પવન ઊર્જા ક્ષેત્રે ગુજરાત રાજ્યએ હરણફાળ ભરતા પ્રથમ ક્રમે રહેલા તામિલનાડુ ને પાછળ છોડીને આ વર્ષે પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી,ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે રાજયની પુનઃ પ્રાપ્ય ઉર્જાની કુલ સ્થાપિત ક્ષમતા **૨૨,૦૦૦ (બાવીસ હજાર) મેગાવોટ** થયેલ છે. જે ગુજરાત રાજયની કુલ સ્થાપિત ક્ષમતાના ૪૬ ટકા જેટલી થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

દેશના અન્ય રાજયની તુલનામાં ગુજરાત રાજ્યએ સૌપ્રથમ પહેલ કરીને વર્ષ ૨૦૧૫ થી બેટરી સંચાલીત વાહનો માટે સબસીડી સહાય યોજના શરૂ કરેલ. આ યોજના અંતર્ગત રાજયની શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨ તેમજ કોલેજ સુધીના વિદ્યાર્થીઓ માટે બેટરી ઓપરેટેડ દ્વિચક્રી વાહન ખરીદવા માટે **રૂા.૧૨,૦૦૦ (બાર હજાર)** પ્રતિ વાહન સબસીડી ચૂકવવામાં આવે છે. અત્યાર સુધીમાં ૪૭ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓને **રૂા.૫૦ કરોડ (પચાસ કરોડ)** જેટલી સબસીડી સહાય તેમના બેન્ક ખાતામાં સીધી ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ૭૫૦૦ વિદ્યાર્થીઓને ઇલેક્ટ્રિક દ્વિચક્રી વાહન ખરીદવાની સહાય માટે **રૂ.૯ કરોડ (નવ કરોડ)** જોગવાઈ કરેલ છે.

સુધારેલ સ્મશાનભઠ્ઠી બેસાડવાની યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કલાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા **૭૮૧૭** કરતાં વધુ સુધારેલ સ્મશાનભઠ્ઠી બેસાડેલ છે, જ્યારે આગામી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન અત્યાર સુધીની મહત્તમ વાર્ષિક **૩૫૫૦** સુધારેલી સ્મશાનભઠ્ઠી બેસાડવામાટે **રૂ.૨૦ (વીસ) કરોડ** જોગવાઈ કરેલ છે.

વર્ષ ૨૦૨૪-૨૫ માં સરકારી શાળા, કોલેજો, હોસ્પિટલોના મકાનો ઉપર સોલર રૂફટોપ સ્થાપિત કરી ૧૫ મેગાવોટની ક્ષમતા ઊભી કરવા માટે **રૂ. ૭૫ કરોડ (પંચોતેર કરોડ)** જોગવાઇ કરેલ છે .તમામ સરકારી મકાનોને પુનઃપ્રાપ્ય ઉર્જાથી સંચાલીત કરવા માટે ગત વર્ષની **રૂા. ૩૮ કરોડ (આડત્રીસ કરોડ)**ની

જોગવાઈ કરતા બમણી કરીને **રૂા.૭૫ કરોડ (પંચોતેર કરોડ)** જોગવાઈ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

વર્ષ ૨૦૨૪-૨૫માં ૭૫ ગૌ શાળાઓ તથા અન્ય સંસ્થાઓમાં બાયોગેસ પ્લાન્ટની સ્થાપના માટે **રૂ.૧૨ કરોડ (બાર કરોડ)**ની જોગવાઈ કરેલ છે.

રાજ્યમાં સરકારી તેમજ અર્ધસરકારી કચેરીઓ અને સરકારી રહેણાંક મકાનો પર સોલાર રૂફટોપ પ્રોજેક્ટ માટે ચાલુ વર્ષમાં **રૂ.૧૦૦ કરોડ (સો કરોડ)**ની જોગવાઈ કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ક્લાઈમેટ ચેન્જ વિભાગ તેની અસરકારક નીતિઓ અને પર્યાવરણ પ્રત્યે કટિબધ્ધતા વધે તે માટે સૌરઉર્જા, પવન ઉર્જા, ઈલેકટ્રીક વાહન, કચરામાંથી ઊર્જા વગેરે ક્ષેત્રોમાં નક્કર કામગીરી કરી રહ્યો છે. આબોહવા પરિવર્તન મુદ્દે સમાજમાં જાગૃતિ આવે અને સમાજને ઉપયોગી થાય તેવાં ઉમદા કાર્યો તથા સંશોધનો કરનારા લોકોને બિરદાવવાના હેતુ થી વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન પ્રથમ વાર ૧૦ લોકોને અલગ અલગ ૬ કેટેગરીમાં ક્લાઈમેટ ચેન્જ એવોર્ડ દ્વારા પુરસ્કૃત કરેલ છે.

પંચામૃત સંકલ્પો પૈકી ભારતમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં **૫૦૦(પાંચસો)** ગીગા વોટ પુનઃપ્રાપ્ય ઉર્જા સ્થાપિત કરવાનું આયોજન છે. તેને અનુરૂપ ગુજરાત રાજય માટે ૨૦૩૦ સુધીના પુનઃપ્રાપ્ય ઉર્જા લક્ષ્યાંકો નક્કી કરવાની વ્યૂહરચના બનાવવાનું આયોજન છે.

સન્માનનીય સભાગૃહ ક્લાઈમેટ ચેન્જ વિભાગની વર્ષ ૨૦૨૪-૨૫ની ચાલુ બાબત તથા નવી બાબત માટે **રૂ.૧૧૬૩ કરોડ (અગીયારસો ત્રેસઠ કરોડ)**ની માંગણીઓને પુરેપુરી યથાતથ ક્લાઈમેટ ચેન્જ જેવા અગત્યનાં મુદ્દા માટે વિશાળ હિતમાં આપ સૌને સર્વાનુમતે સ્વીકૃતિ આપવા અને મંજુર કરવા અનુરોધ કરૂ છુ.

✓ આપણા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીના સીધા માર્ગદર્શન હેઠળ ગુજરાત વિશ્વમાં આકર્ષણનું કેન્દ્ર બને તેવો પ્રયાસ અમારા માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ કરી રહ્યા છે, ત્યારે અમારા વિભાગો સાચી નીતિ અને તેના અસરકારક અમલ દ્વારા ઉદાહરણરૂપ કામગીરી કરવા કટીબદ્ધ છે, એટલા માટે આ માનનીય સભાગૃહને અમારી માંગણીઓને સર્વાનુમતે અનુમોદન આપવા તથા વિરોધપક્ષના જે મિત્રોએ કાપ દરખાસ્ત મુકી છે તેને પાછી ખેંચવા અપીલ કરું છે.. તથા હું જે માંગણીઓ લઈને સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યો છું તેને સર્વાનુમતે પસાર કરે એ જ વિનંતી સાથે મારી વાત પુરી કરું છું.

**જય જય ગરવી ગુજરાત…!ભારત માતા કી જય…!**